# ભારતની પ્રાચીન વિદ્યાપીઠો

| ક્રમ | વિદ્યાપીઠનું નામ | વિશેષતા |
|---|---|---|
| ૧ | નાલંદા | ❖ નાલંદા વિશ્વ વિદ્યાલયની સ્થાપના કુમારાદિત્યએ કરી હતી.<br>❖ બિહાર રાજ્યના પટણા જિલ્લાના બડગાંવ ગામ પાસે પ્રાચીન નાલંદા વિદ્યાપીઠ આવેલી છે.<br>❖ દેશ વિદેશથી વિદ્યાર્થીઓ અહી અભ્યાસ કરવા આવતા હતા. મહાન મુસાફર યુએન -શવાંગ પણ અહી આવેલો હતો.<br>❖ આ મહાવિદ્યાલયમાં સાત મોટા ખંડો હતા. અને વ્યાખ્યાન માટેના ત્રણસો ખંડો હતા. |
| ૨ | તક્ષશિલા | ❖ પાકિસ્તાનમાં આવેલ રાવળપિંડીથી પશ્ચિમે પ્રાચીન તક્ષશિલા વિદ્યાપીઠ આવેલ છે. તે પ્રાચીન ગાંધાર પ્રદેશની રાજધાનીનું શહેર હતું.<br>❖ આ વિદ્યાપીઠમાં૬૪ વિદ્યાઓનું શિક્ષણ અપાતું હતું.<br>❖ અર્થશાસ્ત્રના કર્તા ‘કૌટિલ્ય’ એ પણ અહી અભ્યાસ કર્યો હતો.<br>❖ આ વિદ્યાપીઠમાં વારાણસી, રાજગૃહ, મિથિલા અને ઉજ્જૈન થી વિદ્યાર્થીઓએ અભ્યાસ કરવા આવતા હતા.<br>❖ આ વિદ્યાપીઠમાં શસ્ત્ર વિદ્યા, વેદ, ગજવિદ્યા, ધનુર્વિદ્યા, તત્વવિદ્યા, યુદ્ધ વિદ્યા, ખગોળ, જ્યોતિષ અને વ્યાકરણનું શિક્ષણ આપવામાં આવતું હતું.<br>❖ પાંચમી સદીની શરૂઆત,આ ચીનના ફાહિયાનને આ વિદ્યાપીઠની મુલાકાત લીધી હતી. |
| 3 | વારાણસી (કાશી) | ❖ ભગવાન બુદ્ધ પોતાના મતના પ્રચાર અને પ્રસાર માટે વારાણસીની પસંદગી કરી હતી.<br>❖ સમ્રાટ અશોકના આશ્રયથી વારાણસીનો સારનાથમઠ પ્રસિધ્ધ વિદ્યાધામ બન્યો. |
| ૪ | વલભી | ❖ ઈસ્વીસનના સાતમા શતકમાં ગુજરાતનું આ વિદ્યાધામ અતિ પ્રસિધ્ધ શિક્ષણ કેન્દ્ર હતું. વલભીને વિશાળ અને અત્યંત પ્રસિધ્ધ વિદ્યાધામ બનાવવામાં મૈત્રક વંશના તત્કાલિન શાસકો અને નાગરિકોનો મોટો ફાળો છે. |

gnanbhandar.com